## ગાંધીનગરની ચાર દિકરીઓ એક વર્ષ વિદેશમાં રહીને સંસ્કૃતિનું આદાન પ્રદાન કરશે



### @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે શોષની ઘટાના હિંડોળા યોજાશે.

● મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત આજે મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવશે. શહેરની દરેક શાળામાં વિવિધ કાર્યક્રમો યોજાશે.

## માતાના ઠપકાથી લાગી આવતા દિકરાએ પડતુ મુકયું

### જીઈબીમાં રહેતો ૧૮ વર્ષીય દિકરો કામ ધંધે ચઢતો ન હોવાથી માતાએ ઠપકો આપ્યો હતો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર પાસે સ્થિત જીઈબી કોલોનીમાં રહેતા ૧૮ વર્ષના દિકરાએ તેની માતાએ આપેલા ઠપકા બાદ લાગી આવતા ત્રીજા માળેથી પડતુ મુકી ફાની દુનિયાને અલવીદા કરી દીધી હતી. મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી સેકટર-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી જમાદાર પ્રવિણસિંહે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

જીઈબી કોલોની મકાન નં. ઈ-૩૯/૧૫ ખાતે રહેતો ૧૮ વર્ષીય હરીશ્ચંદ્ર મગનભાઈ નિનામાએ અભ્યાસ મુકી દીધો હતો. થોડા સમયથી રાત્રે વહેલા-મોડા આવવાનું શરૂ કરી દીધું હતું. અને કામ ધંધે ચઢતો ન હતો. જેને પગલે માતાએ હરીશ્ચંદ્રને ઠપકો આપ્યો હતો. માતાના ઠપકાથી લાગી આવતા ગઈ સાંજે ત્રીજા માળે હરીશ્ચંદ્ર ચઢી ગયો હતો અને ત્રીજા માળેથી ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા હરીશ્ચંદ્રને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો અને ત્યાંથી વધુ સારવાર માટે અપોલો ખસેડવામાં આવ્યો હતો. જો કે આજે વહેલી સવારે હરીશ્ચંદ્રનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. સે-૨૧ પોલીસ મથકના પ્રવિણસિંહે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.






ભગવાન પ્રત્યેની શ્રધ્ધા એ આપણા જીવનનું અભિન્ન અંગ છે પરંતુ ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધાને ઠેસ પહોંચે ત્યારે શું? સેકટર-૨૩ સ્થિત પ્રાથમિક શાળાની દિવાલને અડીને હનુમાનજીની દેરી બનાવી છે. આવી પવિત્ર જગ્યા હાલમાં ગુંડા તત્વોનો અડ્ડો બની ગયો છે. જયાં બેસી યુવાનો પાન મસાલા ખાઈ સિગારેટ પીવાની ખાસ જગ્યા બનાવી દીધી છે. આઘાતની વાત તો એ છે કે બાજુમાં જ શોપીંગ સેન્ટર છે છતાં કોઈ આ વિશે ટોકનાર નથી. યા તો આવા માથાભારે તત્વોને કોઈ નાથનાર નથી. કારણ જે હોય પણ શ્રધ્ધાને આંચ આવે તેવી વાસ્તકવિકતા છે. જે શુભ કાર્યથી હનુમાનજીના મંદિરની સ્થાપના કરવામાં આવી છે તે આયોજકોએ આ વિશે ગંભીરતાથી નિર્ણય લેવો જોઈએ. મંદિરમાં દેવને બેસાડવા કરતાં તે જગ્યાને પવિત્ર રાખવી એ દરેકની ફરજ અને કર્તવ્ય છે.

**(તસવીર : કશ્યપ નિમાવત)**

### વાતવાતમાં

● ઘ-૦ સર્કલ પાસે આજે નવી બ્રાન્ડનું ગીયરસેલ સ્કૂટર લઈ જતી એક મહિલા સ્લીપ ખાઈ ગઈ હતી જેના કારણે સ્કૂટરનું સ્ટીયરીંગ આખું ઉલ્ટું થઈ જવા પામ્યું હતું. ત્યાં એકઠા થઈ ગયેલા નગરજનોએ આ સ્ટીયરીંગ સીધું કરવા પ્રયત્ન કર્યો પરંતુ થયું નહીં, છેવટે તે સ્કૂટર કંપનીના કારીગરને બોલાવ્યા ત્યારે તે ઠીક થયું હતું.

● ગઈ કાલે રાત્રે સે-૨૧ના આર વર્લ્ડ-૨૧ સિનેમામાં ફિલ્મ જોવા ગયેલા એક દંપતિને અન્ય કોઈ પ્રેક્ષક ના હોવાથી ફિલ્મ ચાલુ નહી થઈ શકે તેવું થીએટર સંચાલકોએ જણાવ્યું હતું. છેવટે ફિલ્મ ચલાવવા મીનીમમ ૪ દર્શકો હોવા જોઈએ તેથી આ દંપતિએ વધારાની બે ટીકીટ ખરીદી આખા થીએટરમાં માત્ર એ બંને જણાએ ફિલ્મ માણી હતી.

● સેકટર-૨૨માં જૈન મંદિર પાસેનો સ્ટ્રીટ લાઈટનો વીજ પોલ નં. સીએસ-૫૨૨૧૨ ઘણા દિવસથી બંધ હાલતમાં છે. આ બાબતે અનેકવાર રજૂઆત કરી છતાં કોઈ રીપેરીંગ કરવા આવતું નથી તેવું નજીકમાં રહેતા નગરવાસીઓનું કહેવું છે.

**- સમીર રામી**
**9924446645**

## એમ.બી. પટેલ શાળામાં વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૩ સ્થિત એમ.બી. પટેલ કન્યા શાળામાં શિક્ષણ અંગે વાલીઓ અને શિક્ષકોની ચિંતન બેઠક યોજાઈ હતી. જેમાં મોટીસંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં. શિક્ષકો અને વાલીઓ વચચ્ચે શિક્ષણ બાબતે વિવિધ મુદ્દાઓને લઈ ચર્ચા કરાઈ હતી.

દરમિયાન ગ્રુપ ડાન્સનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં શાળાના ૭૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનાર વિદ્યાર્થીઓને શાળા તરફથી વોટર બોટલ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ આચાર્ય નીરૂબેન, સંગીતાબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

શહેરના ચ-માર્ગ પર બેફામ ગતિએ જતી બે ગાડીઓ ટકરાતા અકસ્માત સર્જાયો હતો. સેકટર-૧૧ કૃષિભવન સામેના માર્ગ પર મારૂતિ સ્વીફ્ટ ગાડી અને સ્કોર્પીયો ગાડી વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં બંને ગાડીઓને નુકશાન થયું હતું. જો કે સદ્ભાગ્યે કોઈને ગંભીર ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

## બનાસકાંઠાના પુર અસરગ્રસ્તોના વ્હારે ગાંધીનગર સહયોગ મંડળ

ગાંધીનગર, તા. ૬

બનાસકાંઠાના અસરગ્રસ્તોને ગાંધીનગર સહયોગ મંડળ સંસ્થા દ્વારા સહાય કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લાના અનરાધાર વરસાદના કહેરથી અસરગ્રસ્ત લાખણી તાલુકાના કુડાગામમાં લોકો નિઃસહાય બન્યા છે. જેની જાણ થતાં ગાંધીનગર સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલ, દશરથલાલ પરમાર, સુકેતુ મહેતા, કે.કે. જાડેજા તેમજ બનાસકાંઠાના નાયબ તાલુકા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ અસરગ્રસ્ત ગામના વિસ્તારોમાં ખાદ્યસામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થાએ મગની દાળ, ચોખા, તેલ, ચા, ખાંડ, ગોળ, ઘઉંનો લોટ, મીઠુ, મરચું, હળદર તેમજ નાના બાળકોને બિસ્કીટના પેકેટનું વિતરણ કર્યું હતું. વિતરણનું સેવાકાર્ય દિલીપસિંહ રાજપૂત, ઉલ્લાસભાઈ, શનીભાઈની મદદથી કરાયું હતું.

## ગ્રાહકોના દસ્તાવેજોનો દુરૂપયોગ કરતો સિમકાર્ડ ડિસ્ટ્રીબ્યુટર પકડાયો

ગાંધીનગર, તા.૬

સિમકાર્ડ ખરીદવા માટે દુકાનદારો દ્વારા લેવામાં આવતા ગ્રાહકોના વિવિધ દસ્તાવેજો ડીસ્ટ્રીબ્યુટર પાસે થઈને કંપનીમાં જતાં હોય છે. વલાદનો એક ડીસ્ટ્રીબ્યુટર આ દસ્તાવેજોનો દુરુપયોગ કરીને અન્ય સિમકાર્ડ બીજાના નામે તૈયાર કરી વેચતો હોવાની ગાંધીનગર એસઓજીને બાતમી મળતા દરોડો પાડી વિવિધ રીટેઈલરોના નામથી કઢાવેલા ૧૪૨ રબ્બર સ્ટેમ્પ અને ૧૪૨ એપ્લીકેશન ફોર્મ સાથે વલાદના ડિસ્ટ્રીબ્યુટર સુશીલ મનુ પટેલની ધરપકડ કરી તપાસ શરુ કરવામાં આવી છે.

એસઓજી પી.આઈ. પી.બી. ચૌહાણ તથા તેમની ટીમના પીએસઆઈ એ.કે. ભરવાડ સહીતની ટીમે વલાદ ગામમાં સ્થિત પટેલ કોમ્યુનિકેશન નામની યુનિનોર કંપનીની ડિસ્ટ્રીબ્યુટરશીપ ચલાવનાર સુશીલકુમાર મનુભાઈ પટેલની ઓફીસમાંથી જુદા જુદા ગ્રાહકોના ફોટા, એપ્લીકેશન ફોર્મ કે જેમાં ગ્રાહકોની વિગતો ન ભરી હોય અને ફોટા ચોંટાડી તૈયાર રાખવામાં આવ્યા હોય તેવા ફોર્મનો જથ્થો મળી આવ્યો હતો. ઓળખના પુરાવા અને ફોટાનો ઉપયોગ કરીને ગ્રાહકોની સહી કરી સીમકાર્ડ કઢાવેલ હોય તેવા જુદા જુદા ૧૪૨ એપ્લીકેશન ફોર્મ અને રીટેઈલરોના ૧૪૨ રબ્બર સ્ટેમ્પ મળી આવતા જપ્ત કરીને સુશીલ પટેલની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસે ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

## અનામત આગને સત્વરે ઓલવવાની અનિવાર્યતા : જાગૃત નાગરિક પરીષદ

ગાંધીનગર, તા. ૬

અનામતની આગને સત્વરે ઓલવવાની અનિવાર્યતા વહેલામાં વહેલી તકે ગંભીરતાથી ધ્યાને લેવામાં નહિ આવે તો ઉત્પન્ન થનાર વિસ્ફોટક પરિસ્થિતિ માટે સરકાર જવાબદાર ગણાશે તેવી લાગણી સાથે તુટતી સમાજ વ્યવસ્થાને સમયસર બચાવી લેવા શહેર જાગૃત નાગરિક પરીષદે મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના ઉપપ્રમુખ જે.જે. ત્રિવેદીની રજૂઆતમાં જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક વર્ષોમાં વિવિધ જાતિઓના જંગી સમુહો દ્વારા શિક્ષણ ને નોકરીની બાબતો અંગે અનામતની માંગણીઓનો દોર ચાલી રહ્યું છે. આંદોલનો અને તોફાનોના લીધે આમ નાગરિકોને વારંવાર હાડમારી વેઠવી પડે છે.

બીજી તરફ સામાજીક જીવન પણ ડોહળાઈ ગયું છે. સમરસતા છીનભીન્ન થતા પરિસ્થિતિ અનઈચ્છનિય ક્રાંતિ તરફ આગળ વધી રહી છે. સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે ગંભીરતાથી નહિ લેવામાં આવે તો વિસ્ફોટક પરિસ્થિતિ માટે સરકાર જ જવાબદાર ગણાશે. આવી પરિસ્થિતિમાં સરકાર આમ જનતાનું વિશ્વાસ ગુમાવી બેસશે. રાજકારણીઓએ અનામતને તેમની મતબેન્કનો આધાર બનાવીને સમાજને અધોગતિના પંથે લઈ જવાનુ પાપ કર્યુ છે. ન્યાય અન્યાયની વાતોના ભડકામાં સમાજ સેકાઈ રહ્યો છે. આવા સંજોગોમાં વિસ્ફોટક સ્થિતિ આંતર વિગ્રહમાં પરિણામે તે પહેલા સરકારે અનામતના સમગ્ર પ્રશ્નોનું સત્વરે સમાધાન મેળવવાની તાતી અનિવાર્યતા ઉદ્ભવી છે. પ્રભુત નાગરિકોના માનવા મુજબ સમાજના તમામ વર્ગના લોકોને તમામ પ્રકારના સરકારી લાભો ન્યાયીક ધોરણે નહિ મળતા હોવાથી અનામતના મામલે વિસ્ફોટક સ્થિતિ યોજાઈ છે. આ તબક્કે સમાજ વ્યવસ્થાને તુટતી બચાવવા તાત્કાલિક ઉકેલ લાવવો અનિવાર્ય હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો છે.

## સેકટર-૮ વસાહત મંડળની રવિવારે સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૬

સેકટર-૮ વસાહત મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૯મી ઓગષ્ટના રવિવારે સવારે અગિયાર વાગે સેકટર-૮ના બગીચામાં હોદ્દેદારોની તેમજ કારોબારીની નવેસરથી નિમણુંક કરવા તેમજ હિસાબો અને કાર્યક્રમની ચર્ચા અંગે મળનાર છે. સર્વ વસાહતી ભાઈઓને હાજર રહેવા મહામંત્રીશ્રી પ્રેમસિંહ રાજપુતે જણાવેલ છે.

## આજે રાજયકક્ષાના નેશનલ હેન્ડલુમ ડેની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૬

કેન્દ્ર સરકાર દ્વારા તા. ૭મી ઓગષ્ટને હવેથી દર વર્ષે નેશનલ હેન્ડલુમ ડે તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ખાસ ઉપસ્થિતિમાં ચેન્નાઈ ખાતે રાષ્ટ્રકક્ષાના નેશનલ હેન્ડલુમ ડેની ઉજવણી કરવામાં આવનાર છે.જેના ભાગરૂપે રાજય સરકાર દ્વારા આજે સવારે ૧૦.૩૦ કલાકે તા. ૭મી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ નાણા અને કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે રાજયકક્ષાના નેશનલ હેન્ડલુમ ડેની ઉજવણી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચેન્નાઈ ખાતે યોજાનાર રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમનું વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજય સ્તરે મહાત્મા મંદિર ખાતે જીવંત પ્રસારણ યોજાનાર છે. રાજયકક્ષાની આ ઉજવણીમાં ૪૦૦ જેટલા વણાટકારો, ડિઝાઈનકારો અને અધિકારીઓ ભાગ લેશે તેમ આસિસ્ટન્ટ મેનેજર જી.એસ.એચ.એચ.ડી.સી. લિમિ.ની યાદીમાં જણાવાયું છે.

## ગાંધીનગર જિલ્લાના ખેડૂત ખાતેદારો જોગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લામાં રી-સરવેની કામગીરી ચાલુ છે. જિલ્લાના કુલ ૨૯૦ ગામોમાંથી ૧૨૩ ગામોનું રેકર્ડ પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના ૧૩, દહેગામ તાલુકાના ૬, માણસા તાલુકાના ૬ અને કલોલ તાલુકાના ૧૦ ગામોમાં બિન ખેતી અને ટીપી સ્કીમ સિવાયના સર્વે/બ્લોક નંબરોનું રી-સરવેમાં તૈયાર કરવામાં આવેલા રેકર્ડને આખરી કરવાની પ્રક્રિયા ચાલુમાં છે.

જેમાં ગાંધીનગર તાલુકાના બાસણ, પીરોજપુર, લવારપુર, આલમપુર, ભોયણ રાઠોડ, નવા ધરમપુર, પુંદ્રાસણ, મેદરા, માધવગઢ, પીપળજ, આદરજ મોટી, ધણપ અને કોટેશ્વરનો સમાવેશ થાય છે. તેમજ દહેગામ તાલુકામાં સામેત્રી, હીલોલ વાસણા, પહાડીયા, સાંપા, સાણોદા અને નાંદોલ અને માણસા તાલુકામાં ગુલાબપુરા, ખડાત, અમરપુરા (ખ), રીદ્રોલ, પડુસ્મા અને પારસા તથા કલોલ તાલુકાના વાયણા, વાઘોસણા, ઈસંડ, ડીંગુચા, રામનગર, બીલેશ્વરપુરા, દંતાલી, ખાત્રજ, મુબારકપુરા અને પલીયડ ગામની બિન ખેતી અને ટી.પી. સ્કીમ સિવાયના સર્વે/બ્લોક નંબરોનું રી-સરવેમાં તૈયાર કરવામાં આવેલ રેકર્ડને આખરી કરવાની પ્રક્રિયા ચાલુમાં છે. આ તમામ તાલુકાના ઉપરોકત ગામોના સંબધિત તમામ ખાતેદારોને રી-સર્વે પછી તૈયાર થયેલ એલ.પી.એમ. નોટીસો મળી ન હોય તો તેમણે ડિસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેકર્ડની કચેરી, ગાંધીનગર, ચોથો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી સત્વરે મેળવી લેવી અને તે અંગે કોઈ વાંધા કે કોઈ પણ રજુઆત હોય તો કચેરીને રજૂ કરવા ડિસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેકર્ડ અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## જુસિકા દ્વારા સ્વ. પ્રહલાદભાઈ પુરોહિતનું ચક્ષુદાન મેળવાયું

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના વરીષ્ઠ પત્રકાર ગૌતમ પુરોહિતના પિતાશ્રી પ્રહલાદભાઈ એન. પુરોહિતનું ૭૪ વર્ષની વયે તા. ૫મી ઓગષ્ટે દુઃખદ અવસાન થયું હતું. નગરની સેવાભાવી સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા સ્વ. પ્રહલાદભાઈ પુરોહિતના ચક્ષુઓનું દાન મેળવાયું હતું. ચક્ષુદાનના તબીબી સેવા કાર્ય માટે ડૉ. મિતુલ પટેલે અને જુસિકાના કાર્યકર સન્ની વાઘેલાએ સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલની ચક્ષુ બેંકમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય જુસિકાના સુકેતુ મહેતા દ્વારા પાર પાડવામાં આવ્યું હતું.

## શ્રાવણ પહેલા જ જુગારીઓમાં સળવળાટ

### સરગાસણ પ્રમુખનગરમાં મકાનમાંથી છ શકુની પકડાયા : કરાઈ પાસે ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા. ૬

શ્રાવણ માસને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગાંધીનગરમાં શ્રાવણ પુર્વે જ જુગારની મોસમનો માહોલ જામી રહ્યો છે. ગાંધીનગરમાં સેક્ટર-૭ પોલીસ અને ડભોડા પોલીસે અલગ અલગ બે સ્થળે દરોડા પાડી શકુનીઓને ઝબ્બે કર્યા છે. સરગાસણ પ્રમુનગરના મકાનમાંથી છ શકુનીઓને ઝડપી લેવામાં આવ્યા છે તો બીજી તરફ કરાઈ પાસે ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા પાંચ શખ્સોને પોલીસે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**પ્રમુખનગરથી પકડાયેલા શકુનીઓ**

- હિતેશ જગદીશ ચૌહાણ (સી-૨૦૫, પ્રમુખનગર,સરગાસણ ચોકડી)
- સુમન શકરા પરમાર (૫૦૮, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૪)
- મનિષ અમરત (૨૬૭, ગાયત્રીનગર, સેક્ટર-૨૭)
- બળવંત કિશન જયસ્વાલ (૨૧૯/૨, કિશાનનગર, સે. ૨૬)
- -રમેશ દિનેશ પરમાર (૫૦૨, પ્રમુખનગર, સરગાસણ ચોકડી)
- અજય પુષ્પકસિંહ પરમાર (૨૫૪/૨૩, ડબલડેકર,સે. ૨૪)

**કરાઈથી પકડાયેલા શકુનીઓ**

- બળવંત બાબુ ઠાકોર (કરાઈ, ગાંધીનગર)
- ભીખા મોતી વણઝારા (કરાઈ, ગાંધીનગર)
- જિતેન્દ્ર મોતી વણઝારા (કરાઈ, ગાંધીનગર)
- ગણપત મણા ઠાકોર (કરાઈ, ગાંધીનગર)
- કાળુ ધરમ ઠાકોર (નાના ચિલોડા)

સરગાસણ ચોકડી નજીક સ્થિત પ્રમુખનગર ખાતે હિતેશ જગદીશ ચૌહાણના મકાનમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે. ૭ પોલીસે મધરાતે દરોડો પાડીને છ શખ્સોને ઝડપી લીધા હતા. એક મોબાઈલ, એક કાર અને રૂ. ૪૨૦૦ રોકડા મળીને રૂ. ૮૬,૨૦૦ના મુદ્દામાલ સાથે છ શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી. તો બીજી તરફ ડભોડા પોલીસે કરાઈ પાસે ખુલ્લેઆમ જુગાર રમાતો હોવાની બાતમી મુજબ દરોડો પાડીને પાંચ જુગારીઓને દબોચી લીધા હતા. રૂ. ૩૫૦૦ રોકડા, સીએનજી રીક્ષા અને બાઈક મળીને કુલ રૂ. ૭૧ હજારના મુદ્દામાલ સાથે પાંચેય જુગારીઓની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લાયોનેસ કલબ દ્વારા શ્રદ્ધાદીપ લેબોરેટરીમાં રકતદાન કેમ્પ

ગાંધીનગર, તા.૬

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા શ્રદ્ધાદીપ લેબોરેટરી સેકટર-૧૬માં રકતદાન શિબિરનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. જેમાં પ્રમુખ વૈશાલી જોષી, એરીયા કો-ચેર પર્સન ઉષાબેન ગજ્જર, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ અને અન્ય બહેનો હાજર રહેલ હતી. લાયોનેસ કલબની મોટી સંખ્યામાં બહેનોએ રકતદાન કરેલ હતું તેમ લાયોનેસ કલબના મંત્રીશ્રી દક્ષાબેન જાદવે જણાવેલ છે.

## ગાંધીનગરની ચાર દિકરીઓ એક વર્ષ વિદેશમાં રહીને સંસ્કૃતિનું આદાન પ્રદાન કરશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની ચાર બાળાઓ એએફએસ સંસ્થા દ્વારા સંચાલિત સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ અંતર્ગત તા. ૭મી ઓગષ્ટે એક વર્ષ માટે વિદેશ જવા રવાના થઈ રહી છે. સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ અંતર્ગત ગાંધીનગરની માત્ર ચાર બાળાઓએ એપ્લાય કર્યું હતું અને તે તમામ ચારેય બાળાઓની પસંદગી કરાતા તેમની શાળાઓમાં અને તેમના પરિવારોમાં હર્ષની લાગણી છવાઈ જવા પામી છે. ચારમાંથી ત્રણ બાળાઓ યુએસએ અને એક બાળા જર્મની ખાતે એક વર્ષ વિદેશી યજમાનને ત્યાં મહેમાન બનીને રહી અભ્યાસ સાથે સંસ્કૃતિના આદાન પ્રદાનનું કાર્ય કરશે.

ભારતીય સંસ્કૃતિમાં પહેરવેશ અને ખાણી પીણીનું ખુબ આગવું મહત્વ છે. આપણા દેશની આ વિશેષતા હું અમેરિકાના નાગરિકોને જણાવીશ. આ સાથે હું તેમની સંસ્કૃતિને પણ સમજવાનો પ્રયત્ન કરીશ. આ શબ્દો છે સેંટ ઝેવિયર્સ શાળામાં ધોરણ ૧૦ પાસ કરીને આ વર્ષે સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ વિદેશ જવા પસંદગી પામેલ કુ. જીલમીલ પટેલના. જીલમીલન પિતા વિજયભાઈ અમદાવાદમાં પોલીસ ઈન્સ્પેકટર છે અને માતા હાઉસવાઈફ છે. અમેરિકા જઈ રહેલી બીજા બાળા શ્રધ્ધા સોનીની માતા જાગૃતિબેન પણ હાઉસવાઈફ છે અને તેના પિતા વિષ્ણુભાઈ સોની જીવનવીમા સલાહકારનું કામ કરે છે. શ્રધ્ધા પશ્ચિમના લોકોના અનુશાસનથી પ્રભાવિત છે અને આ અનુશાસનના ગુણો શીખવા છે. શ્રધ્ધાના મતે ભારતીય સંસ્કૃતિમાં યોગનું ખૂબ મહત્વ છે તેમજ ભારતીયોની જીવનશૈલીમાં સંયુકત કુટુંબનું ખુબ યોગદાન છે. ભારતીય સંસ્કૃતિના આ ગુણો શ્રધ્ધા અમેરિકનોને સમજાવવા માંગે છે. શ્રધ્ધાએ કડી કેમ્પસની આર.જી. પટેલ કન્યા શાળામાંથી ધો-૧૧ પાસ કર્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

### એએફએસ દ્વારા સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ નગરની ચાર વિદ્યાર્થીનીઓની પસંદગી કરાઈ : ત્રણ વિદ્યાર્થીનીઓ અમેરિકા ખાતે અને એક જર્મનીમાં રહી અભ્યાસ કરશે

ગાંધીનગરની વધુ એક બાળા અમેરિકા ખાતે જવા રવાના થઈ રહી છે તે છે એમ.બી. પટેલ કન્યા શાળામાંથી ધો-૧૧ પાસ કરેલ હાર્દિ મંકોડી. હાર્દિ મંકોડીના માતા પિતા બંને એલઆઈસી કંપનીના કર્મચારી છે. પિતા પ્રોગ્રામર છે અને માતા આસીસ્ટન્ટ. હાર્દિ પણ ભારતીય સંસ્કૃતિથી ખુબ પ્રભાવિત છે અને તેના મતે વૈદિક સંસ્કૃતિના સંસ્કાર જેવા કે નમસ્કાર કરવા, પગે લાગવું વગેરે માત્ર આદર કે સત્કારની ક્રિયાઓ નથી પરંતુ તેમાં યોગનું તત્વ સમાયેલું છે જેનાથી શારીરિક ક્ષમતા વધે છે. અને જીવન વધુ સમૃધ્ધ બને છે. આ તત્વોને હાર્દિ વિદેશીઓ સમક્ષ વૈજ્ઞાનિક કારણો સહિત રજૂ કરશે. નગરની ચોથી બાળા છે સલોની પાઠક જેની પસંદગી સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ જર્મની ખાતે અભ્યાસ કરવા જવા માટે પસંદગી કરવામાં આવી છે. સલોની પણ એમ.બી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીની છે અને ધો-૧૦ પાસ કરીને હવે એક વર્ષ માટે જર્મની અભ્યાસ કરવા જશે. સલોનીના પિતા શ્વેતાંગ પાઠક સરકારી કર્મચારી છે. જયારે તેની માતા પૂર્વીબેન બાલવા ખાતે શિક્ષિકાની ફરજ બજાવે છે. સલોનીને પુરાણકાળથી સચવાયેલી વૈદિક સંસ્કૃતિ અને વેદ, ભગવદગીતા વગેરે શાસ્ત્રોની ઉત્પત્તિ અંગેની માહિતી વિદેશીઓ સાથે શેર કરવી છે. તેને ત્યાંની સંસ્કૃતિની પૌરાણિકતાનો પણ અભ્યાસ કરવો છે.

ગાંધીનગરની ચારેય દિકરીઓ શુક્રવારે સાંજે તેમના વિદેશાગમન માટે રવાના થવાની છે તેઓ વિદેશી યજમાનોના ઘરે એક વર્ષ રહી તેમની સંસ્કૃતિને સમજવા પ્રયત્ન કરશે અને અને ભારતીય સંસ્કૃતિની મહેંકને ફેલાવશે. નગરની ચારેય દિકરીઓને તેમના આ કાર્ય માટે તેમના શાળા પરિવાર, કુટુંબ પરિવાર, સગા સંબંધીઓ, મિત્રો તેમજ નગરજનોએ અનેકાનેક શુભેચ્છાઓ પાઠવી છે.

**(તસવીર : કશ્યપ નિમાવત)**

## રાયપુર પાસે ખારી નદીમાંથી પ્રૌઢાનો તરતો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક રાયપુર પાસેથી પસાર થતી ખારી નદીમાંથી આજે આશરે ૫૦ થી ૫૫ વર્ષની પ્રૌઢાનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ બહાર કઢાવી ડભોડા પોલીસ મથકના જમાદાર મુસ્તાકખાને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેણીની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃત્યુનું કારણ બહાર લાવવા પણ તજવીજ શરૂ કરવામાં આવી છે.

## સે-૧૨ની શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યા વહાર ખાતે શૈક્ષણિક કિટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધો-૯ થી ધો-૧૨ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી કીટનું વિતરણ કૌશલ્યાબેનના વરદ હસ્તે આપવામાં આવી હતી તેમજ ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીએને આગામી ઉજજવળ કારકિર્દી વિશેની શૈક્ષણિક માહિતી પુરી પાડવામાં આવી હતી.

### ચિરવિદાય

- સ્વ. રંજનબેન રસીકભાઈ પ્રજાપતિ, ઉ.વ.૪૬, પ્લોટ નં. ૨૫૫/૨, સેકટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. ઉદાજી મગનજી ઠાકોર, ઉ.વ.૭૨, મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. કાશીબેન કાળાભાઈ દંતાણી, ઉ.વ.૬૦, ગામ ઈટલા, તા. કલોલ, જી. ગાંધીનગર.